તમામ પ્રજાજનોને કોવિડ- ૧૯ અંતર્ગત ડેજીગ્નેટેડ હોસ્પિટલોમાં કોવિડ – ૧૯ની સારવારનો લાભ વિનામૂલ્યે આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૨૦-૧૦૨૧-બ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬/૦૪/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી, (આરોગ્ય) ની તા.૧૦/૦૪/૨૦૨૦ ની એસ.એફ.એસ. ફા.નં.એબીવાય/૧૧/૨૦૨૦/ ૧૫૭૮૬૧/આરએસબીવાય ઉપરની દરખાસ્ત.

આમુખ:-

હાલ વિશ્વના ૧૫૦થી વધારે દેશોમાં નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯)ની મહામારી ફેલાઇ રહી છે. ભારતમાં પણ કોવિડ-૧૯નો વ્યાપ વધતો જાય છે. આ રોગના મુખ્ય લક્ષણો શ્વસનતંત્ર ઇન્ફેકશનને લગતાં હોઈ, આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે. આ રોગનો ફેલાવો સંક્રમિત દર્દીના શ્વાસોશ્વાસ દ્વારા, છીંક, ઉધરસ, ખાંસી વગેરે ડ્રોપલેટ દ્વારા થતો હોય છે. આથી આ રોગના દર્દીના સંપર્કમાં આવનાર અન્ય વ્યક્તિ પણ સહેલાઇથી ચેપગ્રસ્ત બની શકે છે. જે સંદર્ભે ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રાજ્ય સરકાર તેમજ ICMR દ્વારા નક્કી કરેલ ધારાધોરણ તેમજ પ્રોટોકોલ મુજબ કોવિડ-૧૯ ના દર્દીઓને સારવાર આપી શકે તેવી સરકારી અથવા ખાનગી હોસ્પિટલો ડેજીગ્નેટેડ કરવા તેમજ કોવિડ – ૧૯ અંતર્ગત સારવાર માટે સાંકળી લઇ તમામ પ્રજાજનોને આ સારવારનો લાભ વિનામૂલ્યે આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે તમામ પ્રજાજનોને કોવિડ-૧૯ માટે રાજ્ય સરકાર દ્વારા ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ હોસ્પિટલોમાં સારવાર નીચે દર્શાવેલ શરતોને આધીન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. લાભાર્થી : - તમામ વ્યક્તિઓ

૨. લાભ : - ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં ઓ.પી.ડી અને આઇ.પી.ડી.ની નિ-શુલ્ક સારવાર.

૩. વિગત:- કોવિડ-૧૯ની સારવાર માટે ડેઝીગ્નેટેડ હોસ્પિટલોને નીચે મુજબની શરતોને આધીન નક્કી કરેલ ચાર્જીસ ચૂકવવાના રહેશે.

I. એપેડેમીક એક્ટ-૧૮૯૭ અન્વયે રાજ્ય સરકારે તા.૧૩/૦૩/૨૦૨૦ના જાહેરનામાંથી આપેલ સત્તા અન્વયે જીલ્લા કલેક્ટરશ્રી દ્વારા હોસ્પિટલો ડેઝીગ્નેટેડ કરવાની રહેશે.

II. મુખ્ય જીલ્લા તબીબી અધિકારી દ્વારા આવી હોસ્પિટલો સાથે ઓછામાં ઓછા બે મહિનાનો કરાર કરવાનો રહેશે.

III. આ કરારને કોવિડ-૧૯ જરૂરિયાતને ધ્યાને લઇ દિન-૧૫ની નોટીસ આપી કરાર લંબાવી કે ટુંકાવી શકાશે.

IV. આ કરારમાં સદરહુ હોસ્પિટલમાં કાર્યરત મેડીકલ, પેરામેડીકલ કર્મચારીઓની વિગતો દર્શાવવાની રહેશે.

V. આ ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર માટે નીચે મુજબનો દરો નક્કી કરવામાં આવે છે.

૪. ઓ.પી.ડી. (આઉટડોર વિભાગ)

| ક્રમાંક | વિગત | પ્રતિ દર્દી દીઠ દર* |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી. કન્સલ્ટેશન અને દવાઓ (એમ.ડી. તજજ્ઞ દ્વારા) | રૂ.૨૦૦/- |
| ૨ | દર્દી દીઠ એક્સ-રે, લોહીની તપાસ વગેરે માટે | રૂ.૨૦૦/- |

I. ઓ.પી.ડી એમ.ડી, તજજ્ઞ દ્વારા જ કરવાની રહેશે.
II. પાંચ દિવસ બાદ આવનાર દર્દીને નવા દર્દી (કેસ) તરીકે ગણવાનો રહેશે.
III. દર્દીને આપવામાં આવતી દવાઓ જે તે હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે આપવાની રહેશે.
IV. જે દર્દીનો એક્સ-રે, લોહી તથા અન્ય તપાસણી કરેલ હશે ત્યારે જ તે માટે રૂ.૨૦૦/- ચૂકવવામાં આવશે.

૫. આઇ.પી.ડી. (ઇન્ડોર વિભાગ)

| ક્રમાંક | સારવારની વિગત | ખાલી પથારી માટે (પ્રતિદિન) | ભરેલી પથારી માટે (પ્રતિદિન) |
|---|---|---|---|
| ૧ | આઇસોલેશન બેડ | રૂ.૭૨૦/- | રૂ.૧૮૦૦/- |
| ૨ | આઇસોલેશન + એચ.ડી.યુ. | રૂ.૧૦૮૦/- | રૂ.૨૭૦૦/- |
| ૩ | આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર સિવાય) | રૂ.૧૪૪૦/- | રૂ.૩૬૦૦/- |
| ૪ | આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર પરની સેવા સહિત) | રૂ.૧૮૦૦/- | રૂ.૪૫૦૦/- |

I. ડેજીગ્નેટેડ હોસ્પિટલ સાથે એમ.ઓ.યુમાં આઇસોલેશન, એચડીયુ અને આઇસીયુની પથારીઓની સંખ્યા દર્શાવવાની રહેશે. આ અંગેની ખાતરી મુખ્ય જીલ્લા તબીબી અધિકારીએ કરવાની રહેશે.
II. કોવિડ-૧૯ના દર્દી દાખલ ના હોય ત્યારે ખાલી રહેલ પથારી માટેના પ્રતિદિનના દરો તથા કોવિડ-૧૯ના દર્દી દાખલ હોય ત્યારે ભરેલ પથારીના પ્રતિદિનના દરોની ગણતરીના દ્રષ્ટાંત આ સાથે અનુસૂચિમાં સામેલ છે.
III. ઉક્ત દરોમાં બેડ ચાર્જ, ડોક્ટર વિઝિટ, નર્સિંગ ચાર્જ, દવાઓ, લેબોરેટરી તેમજ રેડિયોલોજી તપાસ, અનુવર્તી સારવાર, દર્દીના ચા-નાસ્તો, બે ટાઇમ જમવાના, રજા આપ્યા બાદની પાંચ દિવસ સુધીની દવાનો ખર્ચ, વિગેરે તમામ ચાર્જીસનો સમાવેશ થાય છે.

૬. આ હોસ્પિટલોમાં શંકાસ્પદ દર્દીઓની કોવિડ-૧૯ની તપાસ સરકાર દ્વારા નિયત કરેલ પ્રોટોકોલ મુજબ નક્કી કરેલ લેબોરેટરીમાં કરાવવાની રહેશે. જેના માટે દર્દીના સેમ્પલનું કલેક્શન

નિયત કરેલ લેબોરેટરી સુધી પહોંચાડવાની જવાબદારી જે તે હોસ્પિટલની રહેશે. આ ટેસ્ટ (તપાસ) માટે થનાર ખર્ચ પ્રવર્તમાન ધારાધોરણો મુજબ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવશે.

૭. આ હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર માટે સરકારશ્રી દ્વારા PPE કીટ, N95, ટ્રીપલ લેયર માસ્ક, હાયડ્રોક્સિક્લોરોક્વિન ગોળીઓ મુખ્ય જિલ્લા તબીબી અધિકારી દ્વારા પૂરી પાડવામાં આવશે.

<u>૭ (૧) ઓ.પી.ડી. (આઉટડોર વિભાગ)</u>

| ઓ.પી.ડી. સારવાર દરમિયાન | ટ્રીપલ લેયર માસ્ક (પ્રતિદિન) (નંગમાં) | એન-૯૫ માસ્ક (પ્રતિદિન) (નંગમાં) | PPE (પર્સનલ પ્રોટેક્શન ઇક્વીપમેન્ટ) (પ્રતિદિન) (નંગમાં) |
|---|---|---|---|
| ૦ થી ૨૫ દર્દી | ૫૦ | ૧૦ | ૫ |
| ૨૫ થી વધુ પ્રતિ દર્દી દીઠ | ૨ | NA | NA |

<u>૭ (૨) આઇ.પી.ડી. (ઇન્ડોર વિભાગ)</u>

| આઇ.પી.ડી. સારવાર દરમિયાન | ટ્રીપલ લેયર માસ્ક (પ્રતિદિન) (નંગમાં) | એન-૯૫ માસ્ક (પ્રતિદિન) (નંગમાં) | PPE (પર્સનલ પ્રોટેક્શન ઇક્વીપમેન્ટ) (પ્રતિદિન) (નંગમાં) |
|---|---|---|---|
| ૦ થી ૧૦ દર્દી | ૫૦ | ૨૫ | ૧૦ |
| ૧૦ થી વધુ પ્રતિ ૧૦ દર્દી દીઠ | ૨૦ | ૧૫ | ૫ |

૮. ડેજીગ્નેટેડ હોસ્પિટલોમાં સરકારશ્રી સાથે સંકલન તેમજ રોજીંદા રિપોર્ટીંગ માટે હોસ્પિટલ દ્વારા કો-ઓર્ડિનેટર નિમવાનો રહેશે.

૯. આ હોસ્પિટલમાં સારવાર માટે આવેલ દરેક ઓ.પી.ડી. તેમજ આઇ.પી.ડી. દર્દીનું રજીસ્ટર અચુક નિભાવવાનું રહેશે.

૧૦. કોવિડ-૧૯ના દર્દીઓને આપવામાં આવેલ ઓ.પી.ડી., આઇ.પી.ડી.ની સારવાર તેમજ કરેલ ટેસ્ટના બીલો સંબંધિત જીલ્લાના મુખ્ય જીલ્લા તબીબી અધિકારીશ્રીને નિયત કરેલ પત્રકમાં દર્દીને રજા આપ્યા બાદ દિન-૧૫માં અચૂક જમા કરાવાનું રહેશે.

૧૧. કોવિડ-૧૯ અંતર્ગત કોઇ પણ NABH એક્રીડિટેશન ધરાવતી હોસ્પિટલને નક્કી થયેલ મળવા પાત્ર દરોથી કોઈ વધારાની પ્રોત્સાહન રકમ ચૂકવવાની રહેશે નહી.

૧૨. ડેજીગ્નેટેડ હોસ્પિટલોને કોવિડ-૧૯ અંતર્ગત નિયત થયેલ પેકેજમાં ખાલી પથારીના દર અને ભરેલ પથારીના દર મુજબ જ હોસ્પિટલને ચૂકવણું કરવાનું રહેશે. હોસ્પિટલના સ્ટાફનો પગારખર્ચ, વિજળીનું બીલ જેવા અન્ય કોઇ ખર્ચ ચૂકવવાના રહેશે નહિ. આ સમય દરમિયાન સરકારશ્રીની કોઇ પણ સહાય મેળવતી સંસ્થાઓને સરકારી સહાય મળવાપાત્ર થશે નહિ.

૧૩. કોવિડ-૧૯ અંતર્ગત ડેજીગ્નેટેડ હોસ્પિટલોના તમામ સ્ટાફને સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન કોવિડ-૧૯ સંક્રમિત થઇ અવસાન પામે તેવા કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સહાય ચૂકવવામાં આવશે.

૧૪. ડેજીગ્નેટેડ હોસ્પિટલને રૂ. ૧૫ લાખ એડવાન્સ પેટે આપવના રહેશે. જે તેમના દ્વારા આપવામાં આવેલ સારવારના ખર્ચની સામે સરભર કરવાના રહેશે.

૧૫. ઉપરોક્ત બાબતનો તમામ ખર્ચ મા અને મા વાત્સલ્ય યોજના તેમજ આયુષ્યમાન ભારત યોજના ( PMJAY)ના સદરો હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએથી મળેલ સંમત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(એ.એ.બાદી)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ



(P.T.O.)

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી, તબીબી શિક્ષણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/ અમદાવાદ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- સર્વે ઉપસચિવશ્રીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી-ગ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૦

## અનુસૂચિ:

દ્રષ્ટાંત – ૧ :- જો કોઇ ૧૦૦ બેડની હોસ્પિટલમાં (1) ૮૦ બેડ આઇસોલેશનના છે, (2) ૧૦ બેડ HDUના છે, (3) ૫ બેડ વેન્ટીલેટર સિવાય ICU ના છે અને (4) ૫ બેડ વેન્ટીલેટર સાથે ICU છે. જો આ તમામ બેડ ખાલી હોય તો બેડની કેટેગરી પ્રમાણે નીચે મુજબ રકમ મળવાપાત્ર રહેશે.

| બેડનો પ્રકાર | ખાલી બેડ | ખાલી બેડ માટેની રકમ | કુલ |
|---|---|---|---|
| આઇસોલેશન બેડ | ૮૦ | ૭૨૦*૮૦ = રૂ.૫૭,૬૦૦/- | રૂ.૫૭,૬૦૦/- |
| આઇસોલેશન + એચ.ડી.યુ. | ૧૦ | ૧૦૮૦*૧૦ = રૂ.૧૦,૮૦૦/- | રૂ.૧૦,૮૦૦/- |
| આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર સિવાય) | ૦૫ | ૧૪૪૦*૫ = રૂ.૭,૨૦૦/- | રૂ.૭,૨૦૦/- |
| આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર પરની સેવા સહિત) | ૦૫ | ૧૮૦૦*૫ = રૂ.૯,૦૦૦/- | રૂ.૯,૦૦૦/- |
| કુલ ૧૦૦ બેડ માટે પ્રતિ દિન મળવાપાત્ર રકમ | - | - | રૂ.૮૪,૬૦૦/- |

દ્રષ્ટાંત – ૨ :- કુલ ૧૦૦ બેડની હોસ્પિટલ છે (1) જે પૈકી ૮૦ બેડ આઇસોલેશનના છે તે પૈકી ૧૦ આઇસોલેશન બેડ ભરેલા છે, (2) ૧૦ બેડ HDUના છે તે પૈકી ૫ બેડ ભરેલા છે, (3) ૫ બેડ વેન્ટીલેટર સિવાય ICU ના છે તે પૈકી 3 બેડ ભરેલા છે. અને (4) ૫ બેડ વેન્ટીલેટર સાથે ICU છે. આ પૈકી ૨ બેડ ભરેલા છે. આવા સંજોગોમાં તેમને નીચે મુજબ રકમ મળવાપાત્ર રહેશે.

| બેડનો પ્રકાર | ભરેલા બેડ | ભરેલા બેડ માટેની રકમ | ખાલી બેડ | ખાલી બેડ માટેની રકમ | કુલ |
|---|---|---|---|---|---|
| આઇસોલેશન બેડ | ૧૦ | ૧૮૦૦*૧૦ =રૂ.૧૮,૦૦૦/- | ૭૦ | ૭૨૦*૭૦ = રૂ.૫૦,૪૦૦/- | રૂ. ૬૮,૪૦૦/- |
| આઇસોલેશન + એચ.ડી.યુ. | ૫ | ૨૭૦૦*૫ = રૂ. ૧૩,૫૦૦/- | ૫ | ૧૦૮૦*૫ = રૂ.૫,૪૦૦/- | રૂ. ૧૮,૯૦૦/- |
| આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર સિવાય) | 3 | 3૬૦૦*3 = રૂ. ૧૦,૮૦૦/- | ૨ | ૧૪૪૦*૨ = રૂ.૨,૮૮૦/- | રૂ. ૧૩,૬૮૦/- |
| આઇસોલેશન + આઇ.સી.યુ. (વેન્ટીલેટર પરની સેવા સહિત) | ૨ | ૪૫૦૦*૨ = રૂ. ૯,૦૦૦/- | 3 | ૧૮૦૦*3 = રૂ.૫,૪૦૦/- | રૂ. ૧૪,૪૦૦/- |
| કુલ ૧૦૦ બેડ માટે પ્રતિ દિન મળવાપાત્ર રકમ | - | - | - | - | રૂ.૧,૧૫,૩૮૦/- |